શહેરનાં ઘ માર્ગ પર સે-૬/૭નાં બસ સ્ટેન્ડ સામે ગઈ મોડી સાંજે બાઈક અને સેન્ટ્રો કાર વચ્ચે અકસમાત સર્જાયો હતો. આ અકસ્માતને પગલે વીસેક મીનીટ સુધી ઘ માર્ગ પર ભારે ટ્રાફીક જામની સ્થિતિ ઉદભવી હતી. પોલીસને ટ્રાફિક જામની માહિતી મળતા સ્થળ પર દોડી આવી હતી અને ટ્રાફીક નિયમન કરીને ટ્રાફીકની સ્થિતિ મહામહેનતે હળવી કરી હતી.

# અમરાપુરની સોસાયટીમાં રહેતા ગુજરાતી અભિનેતાના મકાનમાં ઘરફોડ

## તસ્કરો મુખ્ય દરવાજાનું તાળુ તોડીને રૂ. ૧.૧૫ લાખની મત્તા સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૨૩

માણસા તાલુકાના અમરાપુર ગામમાં સ્થિત પ્રિયંકા સ્વપ્ન સંકુલ સોસાયટીમાં રહેતા ગુજરાતી અભિનેતા વનરાજસિંહ રાઠોડ પરિવાર સાથે બહારગામ ગયા હતા તે દરમ્યાન તેમના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો રૂ. ૧.૧૫ લાખની મત્તાના સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. માણસા પોલીસે મકાનમાલીક અભિનેતાની ફરીયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

જિલ્લાના માણસા તાલુકામાં આવેલા અમરાપુર ગામની પ્રિયંકા સ્વપ્ન સંકુલ સોસાયટીમાં મકાન નં. ૭માં રહેતા અને ગુજરાતી ફિલ્મોનાં અભિનેતા વનરાજસિંહ દિલીપસિંહ રાઠોડ તેમના પરિવાર સાથે શનિવારે બહારગામ ગયા હતા. રાત્રી દરમ્યાન તેમના મકાનનું દરવાજાનું તાળુ તોડી તસ્કરો ઘરમાં ઘુસ્યા હતા. લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા ચાંદીની મુર્તિઓ તેમજ સિક્કાઓ તથા રોકડ મળીને તેમના તથા ખેંગારજી બળદેવજી ચાવડાની તિજોરીમાંથી દાગીના તથા રોકડ મળીને કુલ રૂ. ૧,૧૫,૬૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. માણસા પોલીસે આ અંગે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. વી.એન. રબારીએ તપાસ શરૂ કરી છે.

## સિસિકા મહિલા પાંખની ઉજાણી કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

સિનિયર સિટિઝન કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા તા. ૧૦ જાન્યુઆરી શુક્રવાર સવારે ૧૦થી ૧ કલાક દરમ્યાન સે. ૩૦ વનચેતના ખાતે બહેનોનો ઉજાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા ઈચ્છતી મહિલાઓએ તા. ૬ જાન્યુઆરી સુધી મીનાબેન શાહ - ૯૪૨૯૬-૧૧૪૪૮, આશાબેન દોશી - ૨૩૨-૬૦૬૦૬, સરોજબેન દેસાઈ - ૯૩૭૫૯-૭૯૫૦૪, જશુબેન ઠક્કર - ૨૩૨-૨૫૧૪૨ પર નામ નોંધાવવા જણાવ્યું છે.

## સે. ૫માં શિવકથાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

પવિત્ર ધનુર્માસમાં સૌપ્રથમ વાર શહેરના સે. ૫ ખાતે શિવ મહાપુરાણ કથા સંજયભારતી બાપુની વ્યાસપીઠે તા. ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમ્યાન દરરોજ બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમ્યાન શિવશક્તિ પંચમુખી હનુમાનજી મંદિર ખાતે યોજાવામાં આવશે. તેમજ તા. ૨૭ડિસેમ્બર બપોરે ૧.૦૦ કલાકે આનંદનો ગરબો ભાવનાબેન દ્વારા રજુ કરવામાં આવશે.

# નાતાલની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ રાંધેજા ખાતે નાતાલના તહેવાર નિમિત્તે આજરોજ વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ ભગવાન ઈસુના સંદેશની સુવાસ ફેલાવી હતી અને વિશ્વના તમામ લોકો સ્નેહ, સદભાવ, કરૂણા અને ક્ષમાભાવ સાથે જીવન જીવે તેવો સંકલ્પ શાળામાં લેવડાવ્યા હતા. કાર્યક્રમમાં આચાર્યા રંજન વૈદ્ય, ઉપાચાર્ય ક્રિના ક્રિશ્ચિયને હેપ્પી ક્રિસમસ કહી શુભેચ્છા પાઠવી હતી.

# ચૌધરી કન્યા વિદ્યાલયની ચાર વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાની ફુટબોલ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૩

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભ રાજયકક્ષાની ફુટબોલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની ફુટબોલ સ્પર્ધા બાળ વિશ્વ વિદ્યાલય સે-૨૦ ખાતે યોજાઈ હતી. જમાં ચૌધરી કન્યા વિદ્યાલયની મીનુ ચૌધરી, દિવ્યા ચૌધરી, બિજલ ચૌધરી અને રમીલા ચૌધરીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ દરેક વિજેતા વિદ્યાર્થીનીઓને પુરસ્કાર પેટે રૂ. ૫૦૦૦ ઈનામ આપવામાં આવ્યું હતું. ફુટબોલ સ્પર્ધમાં પ્રથમ સ્થાન મેળવી શાળાના આચાર્ય સંતોકબેન ચૌધરી અને વ્યાયામ શિક્ષક સહિત શાળા પરિવારે ખુશી વ્યકત કરી હતી.

# જે પાર્ટી પ્લોટ-ફાર્મ હાઉસમાં કેમેરા હશે તેને જ ડી.જે. નાઈટની મંજુરી અપાશે

## થર્ટી ફર્સ્ટે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી લેવાયેલો કડક નિર્ણય

ગાંધીનગર, તા. ૨૩

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરમાં ડી.જે. ડાન્સ મસ્તીની ગાંધીનગર જિલ્લાના વિવિધ ફાર્મહાઉસ તથા પાર્ટીપ્લોટોમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે આ ડી.જે. નાઈટમાં કોઈ છેડતી કે અન્ય અનિચ્છનીય બનાવ ન બને તેને ધ્યાને રાખીને જિલ્લા પોલીસ દ્વારા ખાસ નિર્ણય લેવામાં આવ્યો છે. જે ખાનગી પાર્ટીપ્લોટ કે ફાર્મહાઉસમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા નહી હોય તેને ડી.જે. નાઈટની મંજુરી આપવામાં આવશે નહી.

દારૂની મહેફીલો માણ્યા બાદ ડી.જે. મસ્તી કરવા કેટલાક તત્વો થર્ટી ફર્સ્ટ નાઈટે વિવિધ ડી.જે પાર્ટીમાં ઘુસી જતાં હોય છે અને આવારા બનીને યુવતીઓની છેડતી કે મશ્કરીઓ કરી લેતા હોવાની ફરીયાદો પણ ઉઠે છે તે ઉપરાંત આવા પ્રસંગે મારામારીના બનાવો પણ વધુ બનતા હોય છે જેને ધ્યાને રાખીને જિલ્લા પોલીસે સુચન કર્યું છે કે જે પાર્ટી પ્લોટો કે ફાર્મહાઉસમાં કેમેરા લગાડવામાં આવ્યા હશે તેને જ ડી.જે. નાઈટ મસ્તીની મંજુરી પોલીસ દ્વારા આપવામાં આવશે. પરમીશન આપતા પહેલા પોલીસ સ્થળ તપાસ કરશે અને કેમેરા લગાડેલા જણાશે તે તેને મંજુરી પણ આપશે નહીં.

ભાવનગરના મેડીકલ રીપ્રેઝન્ટેટીવ (એમ.આર.) એસોસીશન બનાવીને સેલ્સ એન્ડ પ્રમોશન ઈમ્પ્લોયઝ એકટ પ્રમાણે તેમની ભરતી થાય તે ઉપરાંત આ નિયમનો ભંગ કરનાર કંપની સામે કાનુની કાર્યવાહી થાય, નિયમોનો અમલ ન કરનાર કંપનીની માર્કેટીંગ ઓપરેશન સ્થગિત કરાય, કામનો સમય-કલાક નક્કી કરવામાં આવે તે સહીતની વિવિધ માંગણીઓ સાથે એમ.આર. ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને ઘ માર્ગ પર રેલી કાઢીને શ્રમ મંત્રીને આવેદનત્ર પાઠવ્યું હતું.

# ચિલ્ડ્રન યુનિવર્સિટીના રીનોવેશન માટે ૪૩ લાખનો ખર્ચ થશે

## લોબીના ખુલ્લા ભાગમાં ગ્રીલ લગાવાશે : સીલીંગના ગાબડા પુરાશે : નવો પાર્કીંગ શેડ બનશે

ગાંધીનગર, તા. ૨૩

સે-૨૦ સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટીના બિલ્ડીંગમાં રીનોવેશનનું કામ હાથ ધરાશે. બિલ્ડીંગની લોબીમાં ગ્રીલ લગાવવા ઉપરાંત રૂમોનું નવીનીકરણ તેમજ નવીન પાર્કિંગ શેડ બનાવવા સહિતની કામગીરી કરવામાં આવશે. જેને અનુલક્ષી રૂ. ૪૩ લાખનો ખર્ચ કરવામાં આવશે.

સે-૨૦ની સરકારી કોમર્સ કોલેજના બિલ્ડીંગમાં ચિલ્ડ્રન યુનિ. કાર્યરત થયા બાદ લાંબા સમયથી યુનિવર્સિટીના બિલ્ડીંગનું રીનોવેશન કરવાની અનિવાર્યતા ઉભી થઈ હતી. યુનિ.ના બિલ્ડીંગની લોબી સહિત કેટલાક ઠેકાણે સીલીંગમાંથી પોપડા ખરી જતા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. આ સ્થિતિને ધ્યાને લઈ ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા રીનોવેશન માટે નાણાંકીય જોગવાઈ કરી મરામત અને નવીનીકરણનું જરુરી આયોજન કરવા માર્ગ મકાન વિભાગને કામગીરી સોંપવામાં આવી છે. જેને અનુલક્ષી વિભાગ કક્ષાએથી રૂ. ૪૩ લાખના ખર્ચે યુનિવર્સિટીના બિલ્ડીંગમાં જરુરી રીનોવેશનનું કામ હાથ ધરવામાં આવનાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રીનોવેશનના આ પ્રોજેક્ટ અન્વયે લોબીના ખુલ્લા ભાગમાં ગ્રીલ લગાવવામાં આવશે આ ઉપરાંત ૫ રૂમમાં ફલોરીંગ અને પ્લાસ્ટર સહીતનું કામ હાથ ધરાશે. યુનિ.ની લેબોરેટરીનું પણ નવીનીકરણ કરાશે. વધુમાં યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા જાળવવા નવો શેડ બનાવાશે. આ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ટૂંકમાં કામગીરી શરૂ કરી દેવાશે.

## રાજયકક્ષા અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સ્કૂલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગર, તા. ૨૩

ખેલમહાકુંભ અંતર્ગત યોજાયેલી રાજયકક્ષાની અને જિલ્લાકક્ષાની વિવિધ સ્પર્ધામાં સ્કૂલ ઓફ એચિવર કુડાસણના વિદ્યાર્થીઓએ વિજયી પ્રદર્શન કર્યુ હતું. રમશે ગુજરાત, જીતશે ગુજરાત તેવા હેતુથી યોજાયેલ જિલ્લાકક્ષાની અને રાજયકક્ષાની સ્કેટીંગ, ટાઈકોન્ડો અને લોન ટેનિસ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું છે.

જેમાં જિલ્લાકક્ષાની સ્કેટીંગ સ્પર્ધામાં જિગર ઠાકોર પ્રથમ, આરજુ પટેલ દ્વિતીય, શ્રીમન ધોલુ દ્વિતીય, ટાઈકોન્ડો સ્પર્ધામાં રોનક ગુમા દ્વિતીય તેમજ લોન ટેનિસ સ્પર્ધામાં હર્ષિત પટેલ અને હર્ષદીપ પરમાર દ્વિતીય સ્થાન મેળવ્યું છે. શાળાનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# વાવોલના શાલ્વિક હોમ્સમાં અનોખી એકતા પાર્ટી યોજાઈ

## સોસાયટી કમ્પાઉન્ડમાં ચુલા બનાવી બાજરીના રોટલા અને રીંગણાના ભરથાનો આનંદ લેવાયો : શાલીન-૪માં પણ ભૂલકાંઓએ ચિલ્ડ્રન્સ પાર્ટી યોજી મોટેરાઓને અચિંબિત કર્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરને અડીને આવેલા હજુ હમણાં જ બનેલા શાલ્વીક હોમ્સ બંગ્લોઝમાં પંજાબના 'સાંઝા ચુલ્હા' સૌએ સાથે મળીને જ ઉજવવાનો શીરસ્તો પડી ગયો છે. એટલું જ નહી વાવોલમાં આ સિવાય પણ અનેક સોસાયટીઓમાં આવા જન્માષ્ટમીના કાર્યક્રમ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. આ

(તસવીર : વિપુલ ચૌહાણ)

સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે નવનિર્મિત સોસાયીટીઓમાં રહેવાસીઓ હળીમળીને તહેવારો ઉજવવા ઉપરાંત દર મહિને-બે મહિને નાની મોટી પાર્ટી કે ઉજાણી જેવું સોસાયટી કમ્પાઉન્ડમાં જ આયોજન કરી એકતા વધારવાના પ્રસંશનીય પ્રયાસો કરી રહ્યા છે.

યાદ આવી જાય એવી રીતે ઈંટોના ચુલા બનાવીને રોટલા અને રીંગણાના ભરથાનો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો.

શાલ્વીક હોમ્સના રેહવાસીઓ અલગ અલગ દિશામાંથી હજુ માંડ બેએક વર્ષથી રહેવા આવ્યા છે. પરંતુ આ સોસાયટીમાં દરેક તહેવાર જાણે પરંતુ દર મહિને-બે મહિને બધાએ સાથે જમવાનો કાર્યક્રમ પણ નિયમિત પણે યોજવામાં આવી રહ્યો છે. શનિવારે રાત્રે યોજાયેલ આવા જ એક સમૂહભોજન કાર્યક્રમમાં શિયાળાની ઠંડીને અનુરૂપ બાજરીના રોટલા, રીંગણાનો ઓળો, છાશ-મરચાં વગેરેનો સહિયારો આનંદ ઉઠવાયો હતો. સોસાયટીની મહિલાઓએ ઈંટોના ચુલા બનાવીને રોટલા અને ભરથું તૈયાર કર્યુ હતુ. તો પુરૂષોએ તેમને ઈંટો અને બળતણ લાવી આપી મદદ કરી હતી. આમ સાથે ભોજનનો આનંદ લેતા લેતા રહીશો તેમની એકતાને વધુ ને વધુ મજબૂત બનાવી રહ્યા છે અને નાના ભૂલકાઓને પણ સહકારનો મહિમા શિખવાડવાનું અમૂલ્ય કાર્ય પણ કરી રહ્યા છે.

કાર્યક્રમો યોજાય છે. જેમાં કેટલીક ધાર્મિક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે. લગભગ દરેક સોસાયટીમાં સદ્વિચાર પરિવાર તરફથી સ્વાધ્યાય તેમજ સંકલ્પ રોયલ બંગ્લોઝમાંથી સંચાલિત બ્રહ્માકુમારીઝના પ્રવચનોનો પણ સામેલ છે. ઉવારસદ રોડ પર આવેલ શાલીન-૪માં નવરાત્રી અને ઉપરાંત આ ફલેટસની મહિલાઓ દ્વારા કિટી-પાર્ટીચલાવીને રચનાત્મક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. શાલીન-૪ એપાર્ટમેન્ટના ભૂલકાઓએ પણ શનિવારે રાત્રે સોસાયટીમાં ચિલ્ડ્રન્સ પાર્ટી યોજીને ડાન્સ, ગીતો અને તેમની મસ્તીવડે રહીશોને અચંબામાં મૂકી દીધા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫,૯.૫૫
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૧.૪૦, ૫.૨૫, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૧૦, ૬.૫૫, ૧૦.૨૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
આર કુમાર : ૧૨.૧૫, ૬.૪૫

### સિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : સંગીત ક્ષેત્રમાં રૂચિ વધશે. વેપાર સારો ચાલશે. દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**કર્ક** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ રહેશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મકર** : મનોકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. અનુકૂળ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે.

**મીન** : આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે.

## ચિરવિદાય

- સ્વ. શકરાભાઈ જેણાભાઈ નાયી (ઉ.વ. ૭૦) બ્લોક નં. ૨૧/૬૪, શ્રીનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. હસમુખરામ દલપતરામ ચોખાકર (ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૨૦૪, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. પ્રહલાદજી નથાજી ઠાકોર (ઉ.વ. ૫૫) મુ.પો. ધોળાકુવા, તા., માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તીલાલ પ્રહલાદદાસ આચાર્ય (ઉ.વ. ૫૮) મુ.પો. પિંડારડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મહેશ લખુભાઈ દંતાણી (ઉ.વ. ૨૬) સેકટર-૬ છાપરાં, ગાંધીનગર.
- સ્વ. અશોકભાઈ રામજીભાઈ ચૌહાણ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૪૩૩/એ/૨, ગીતાંજલિ, સેકટર-૮/બી, ગાંધીનગર.